Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# સતી સુલોચના

વિક્રમભાઈ ભુલાભાઈ ભોઈ,
ગામ-કસલાલ,તા-લુણાવાડા,જી-મહીસાગર

રામચંદ્રજી અને લંકાના રાજા રાવણ વચ્ચે સતી સીતા માટે યુદ્ધ થયું.જેમાં બંને પક્ષે અનેક યોદ્ધાઓ મૃત્યુ પામ્યા.છેવટે રાવણના પુત્ર ઈન્દ્રજીત અને લક્ષ્મણ વચ્ચે યુદ્ધ થયું.આ યુદ્ધમાં બંને પક્ષોએ એકબીજા પર વ્યાપક પ્રમાણમાં બાણોની વર્ષા કરી.કોઈ કોઈથી ગાજ્યો જાય એવો ન હતો.પૃથ્વી ઉપર રહીને લડતાં જયારે ઈન્દ્રજીત ફાવ્યો નહિ ત્યારે આકાશમાં બાર યોજન દુરથી બાણની વર્ષા કરવા લાગ્યો,એટલે રામચંદ્રની સેનામાંથી હનુમાનજી પોતાની કાંધ ઉપર લક્ષ્મણજીને બેસાડી આકાશ માર્ગે સો યોજન દૂર ગયા અને ત્યાંથી શાસ્ત્રો ફેકવા લાગ્યા.

આ સમયે આકાશમાં દેવતાઓ પણ યુદ્ધ જોવા માટે આવ્યા.અહી પણ બંને પક્ષમાંથી એકેય વિજયશાળી થવા પામ્યા નહિ એટલે બંને વીરો પૃથ્વીતળ પર લડવા લાગ્યા.છેવટે લક્ષ્મણજીના હાથેથી ઈન્દ્રજીતનો વધ થયો.તેનું માથું છુટું પડ્યું અને તેણે વાનરો ભગવાન રામચંદ્રજી પાસે લઇ ગયા.ધડ જે રણક્ષેત્રમાં પડ્યું હતું તેમાંથી એક હાથ ઉડીને લંકા નગરીમાં ઈન્દ્રજીતના મણિમય ભુવનના ચોકમાં જઈ પડ્યો.

આ વખતે તેની સાધ્વી સ્ત્રી સતી સુલોચના દાસીઓ સાથે રાજમહેલની અંદર રહી આનંદ કરતી હતી.ઈન્દ્રજીતનો હાથ પડવાથી જે ધબકારો થયો તે તરફ એક દાસીઓનું ધ્યાન ગયું.તેથી તેણે બારી વાટે ચોકમાં નજર કરી તો ઈન્દ્રજીતનો હાથ તેના જોવામાં આવ્યો.એ હાથને જોતાંજ દાસી દોડીને સુલોચના પાસે ગઈ,અને કહ્યું કે,આપનું ભાવિ આવી રહ્યું એમ જણાય છે.અમારા રાજાજીનો હાથ કપાઈને ચોકમાં પડ્યો છે,આ સંભાળીને સુલોચનાના હૈયામાં ભારે ફાળ પડી. તેણીએ પોતાના પતિનો હાથ તરત જ ઓળખી લીધો.તે આક્રંદ રુદન કરવા લાગી.

રામચંદ્રજીની સેના પર વિજય મેળવીને હું તરત જ પાછો આવું એમ કહી ગયેલા મારા પતિ નો વધ કોનાથી અને શી રીતે થયો હશે એમ વિલાપ કરતી કરતી તે મૂર્છા ખાઈ પૃથ્વી પર પડી. થોડી વાર પછી ભાનમાં આવતા તે પોતાના સ્વામીના હાથ પાસે આવી .મૃત હાથ પાસે આવી તે ગદ્ ગદ્ કંઠે બોલી કે,જો મેં મારું પતિવ્રત ધર્મ અખંડ સાચવ્યું હોય તો હે –સ્વામી ! આપનો ઘાત કોણે અને કેવી રીતે કર્યો તથા આપનું શબ ક્યાં પડ્યું છે તે આ હાથેથી લખી આપો .એમ બોલી ખડીઓ અને કલમ તે હાથ પાસે મુક્યા.

ઈન્દ્રજીતના મૃત હાથે ઝડપથી કલમ આંગળીયો વચ્ચે પકડી અને પોતાની હકીકત કાગળ ઉપર નીચે પ્રમાણે લખી. ‘ભગવાન રામચંદ્રના અનુજ લક્ષ્મણજીએ મારો શિરચ્છેદ કર્યો છે .મારું માથું ભગવાન રામચંદ્રના રથમાં ગયું છે તથા આ દુઃખમય અનિત્ય સંસારના બંધનોમાંથી મુક્ત થઇ હું ભગવાન રામચંદ્રજીની પવિત્ર સેવામાં આનંદ કરું છું,મારું ધડ રણક્ષેત્રમાં પડ્યું છે અને મારી આ ભુજા અહી તારી પાસે આવી છે.’

ત્યારબાદ સુલોચના રામચંદ્રજી ના રથ પાસે જઈને પ્રાર્થના કરવા લાગી કે ‘હે ! મહારાજ! મારા સ્વામીનો વધ થવાથી તેમનું મસ્તક આપની પાસે આવ્યું છે અને મારા સ્વામીનો એ રીતે ઉદ્ધાર થયો છે ,પણ મારા સ્વામીની સાથે જવામાં

મને ઢીલ થાય છે.માટે કૃપા કરી તેમનું શિર મને પાછું સોપો ,એટલે હું તેમના શબની સાથે બળીને મારો દેહ અર્પણ કરું,અને એમ બંને દંપતી હંમેશપણે આપના ચરણમાં સુખવાસ કરીએ.

સુલોચનાની આવા પ્રકારની માગણી સાંભળી નળ,નીલ,જાંબુવાન વગેરે કપીસૈન્ય અગ્રેસરો જે રામચંદ્રજીની પડખે બેઠા હતા તેઓએ શંકા કરી પૂછ્યું કે ,તમારા પતિનુ  શિર ભગવાન પાસે આવ્યું છે એ તમે શા પરથી કહી શકો છો? પ્રભુ પાસે ઈન્દ્રજીતનું માથું આવ્યાની તમે ખાતરી કરી આપો,પછી સુલોચનાએ ઈન્દ્રજીતના હાથે લખાયેલી ચિઠ્ઠી બતાવી .આટલું છતાં પણ સુલોચનાના સતીત્વ ની કસોટી કરવા વાનરો બોલ્યા કે ,જો એ માથું તમારા પતિ નું હોય તો તમે તેણે એક વખત હસાવો એટલે તમારી માંગણી સ્વીકારવામાં આવશે.વાનરોનું આ બોલવું સાંભળી રામચંદ્રજી બોલ્યા કે તમે સતી સુલોચનાની  અતિ કઠણ  કસોટી કરો છો,પણ સતીઓના પુણ્યનો પ્રભાવ એવો તો બળવાન હોય છે કે ગમેતેવું દુર્લભ કાર્ય તેઓ વચનના બળ વળે કરવાને શકિતમાન હોય છે. સુલોચના પોતાના પતિવ્રતપણા વિષે લેશમાત્ર શંકા ન હતી.પણ,મૂએલા માણસ નું માથું કેવી રીતે  હસશે એ મોટી શંકાનું કારણ થઈ પડ્યું.

ગમે તે ઉપાયે પતિ નું માથું મેળવવાને તેણે દ્રઢ નિશ્ચય કર્યો હતો ,તેથી  પોતાની જાત પર પૂર્ણ વિશ્વાસ મૂકી બે હાથ જોડી તે બોલી હે ! સ્વામી ! મારા પ્રતિવ્રતપણામાં કોઈપણ પ્રકારે કદી મેં શિથિલતા બતાવી નથી .અનન્ય પુજ્યભાવથી પરમેશ્વર તરીકે મેં આપનું ચિત્વન કાર્ય કર્યું  છે .આજ્ઞાભંગનો બીજો કશો દોષ મેં કર્યો નથી ,એ સઘળા મારા સદાચારનું જોઈ કઈ ફળ હોય તો મારી લાજ રાખવા હે સ્વામી ! તમે એક વખત હસજો, પણ તે માથું હસ્યું નહિ એમ બીજી વખતપણ પ્રાર્થના કરી તે પણ ફોગટ ગઈ.છેવટે તે બોલી કે જો પિતા શેષનાગ આપની મદદમાં હોય તો કદીપણ આપનો વધ થવા દેત નહિ.એ સાંભળી તેમનું માથું ખડખડાટ  હસ્યું. વાનરો વિસ્મય પામ્યા. તેઓ ભગવાનને પૂછવા લાગ્યા હે મહારાજ ! શેષનાગની મદદની વાત સાંભળી માથું કેમ હસ્યું.ભગવાન બોલ્યા કે હે ! સૈનિકો લક્ષ્મણજી શેષનાગનો અવતાર છે,તેમને જ ઈન્દ્રજીત નો વધ કર્યો છે એ તમે સૌ જાણો છો, તો પછી  સુલોચના તેના પિતા શેષનાગની મદદ મેળવવાની ઈચ્છા બતાવે છે .તે વાત કેવળ હાસ્ય ઉત્પન્ન કરે તેવી છે તેથી મસ્તકને હસવું આવ્યું કે તારા પિતા જ મને મારનાર છે .સુલોચના પોતાની  પુત્રી છે તે વાત સભામાં બેઠેલા લક્ષ્મણજીએ જાણી ત્યારે તે કલ્પાંત કરવા લાગ્યા .તેમણે ભગવાને પ્રાર્થના કરી કે મહારાજ આપની આજ્ઞા હોય તો ઈન્દ્રજિતને સજીવન  કરી મારી પુત્રી સુલોચનાનું વૈધવ્ય દુઃખ દૂર કરું ,પણ સુલોચના બોલી કે આ દુખમય સંસારમાંથી મુક્ત થઈ મારા સ્વામી તથા હું પ્રભુના શરણમાં અવિચળ સુખ મેળવવા ભાગ્યશાળી થયા છીએ. માટે જે થયું છે તે મારા હિતનું છે .વૈધવ્યનો મને કશો બળાપો નથી અને એ મારે ભોગવવા રહેવું પણ નથી .

પછી પેલું મસ્તક સુલોચનાને સોપવામાં આવ્યું .અહીથી તે રણક્ષેત્રમાં આવી અને તેના સ્વામીનું ધડ શોધી કાઢ્યું. પછી સમુદ્રતટે આવી એક ચિતા ખડકી રાવણ-મંદોદરી અને રાજ્ય કુટુંબના તમામ તથા પ્રજાવર્ગના હજારો માણસ ત્યાં આવી પહોચ્યા. સતીએ સમુદ્રમાં સ્નાન કરી ચિતામાં પોતાના સ્વામીનું માથું લઈ બેસી અગ્નિ સ્પર્શ કરવાની આજ્ઞા કરી. ઈન્દ્રજીત અને સુલોચનાના જીવ તત્ક્ષણ અમર આત્મામાં એક થઈ અવિચળ શાંતિ મેળવવા સ્વર્ગ તરફ સિધાવ્યા.

**સંદર્ભ ગ્રંથ**

પૌરાણિક સ્ત્રી પાત્રો ,રાજન પટણી.